પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વિશેષ શાખા
કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક : G/CP/વિ.શા./ડ્રોન કેમેરા જાહેરનામું/૮-૭૧ /૨૦૨૨ તારીખ. ૦૩/૦૩/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં. ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

વડોદરા શહેર વિસ્તારમાં આવેલા વાઇટલ ઇન્સ્ટોલેશન, આર્મી કેન્ટોનમેન્ટ, એરપોર્ટ, V.V.I.P./ V.I.P. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રિમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઇલ, હેલીકોપ્ટર, પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઇ વડોદરા શહેરની સુરક્ષાને હાની પહોંચાડે તે શકયતા નકારી શકાય નહીં. તેમજ આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોખમાય તેમજ લોકોના જાન-માલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે.

જેથી હું ડો.શમશેર સિંઘ I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (C.R.P.C.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, રિમોટ કંટ્રોલ સંચાલિત ડ્રોન હેલીકોપ્ટર,એરક્રાફટ બનાવનાર, ધરાવનાર,વેચનાર, ભાડે આપનાર, વ્યકિત / સંસ્થાના સંચાલકોએ જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના વ્યાપાર અંગે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ આ સાધનો કોઇ પણ જાતના કેમેરા લગાવી ચલાવી શકાશે નહીં તેમજ આ સાથે સામેલ પત્રક અનુસારનું રજીસ્ટર પોતાની સંસ્થા ખાતે નિભાવવાનું રહેશે તથા વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં રિમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન કે રિમોટ કંટ્રોલ સંચાલિત એરિયલ મિસાઇલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઇડર, રિમોટ કંટ્રોલ માઇક્રો લાઇટ એરક્રાફટ ચલાવવા અંગે મનાઇ હુકમ કરૂ છુ.

| ભાડે/વેચાણ લઇ જનારની વિગત | | | | | | સાધનોની વિગત | | વિગત | | ભાડે લઇ જનારની સહી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ભાડે/વેચાણ લેનારનું નામ | સરનામું | મો.નં. | હેતું | વિસ્તાર | વિગત | સંખ્યા | ભાડે આપ્યાની તારીખ | સમય | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

## -: અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :-

આ હુકમનો અમલ તારીખ ૦૫/૦૩/૨૦૨૧ ના કલાક ૦૧:૦૦ થી તારીખ ૦૩/૦૫/૨૦૨૨ ના કલાક ૨૪:૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતાં અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી P.S.I. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે I.P.C. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ધણી જ અગત્યની તાકીદની પરિસ્થિતિના નિર્માણ સંદર્ભમાં તાત્કાલિક આ કાર્યવાહી કરવાની આવશ્યકતા જણાતા તથા તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર,

નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ (G.P.ACT) ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :- ૦૩/૦૩/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ઓ તરફ.

**<u>નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકઝીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**